**CRMA-J- 12029 / 2026**

**<u>ચોકબજાર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૧૦૦૧૨૬૦૯૦૪/૨૦૨૬, ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા BNS ની કલમ- ૧૧૧(૨)બી, ૧૧૧(૩)(૪) મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીઓ - (૧) ભરત ઉર્ફે પટ્ટી છગનભાઇ મેવાડા, (૨) વિજય અરજણભાઇ પરમાર નાઓ દ્વારા આપવામાં આવેલ જામીન અરજી લગત હુકમ.</u>**

(૧) અરજદાર/આરોપી તર્ફે બી.એન.એસ.એસની કલમ–૪૮૦ અન્વયે આપવામાં આવેલ હાલની જામીન અરજી વંચાણે લીધી, રજુ પેપર્સ ધ્યાને લીધા, જામીન અરજી સબબ અરજદારના વિ.વકીલશ્રીનાઓને સાંભળ્યા તથા સરકાર તર્ફે ત.ક.અનાઓને સાંભળ્યા. અરજદારના વિ.વકીલશ્રીએ તેમની દલીલોમાં રજુઆત કરેલ છે કે આ કામની ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપી કહેવાતો ગેરકાનુની મુદામાલ વેચવા માટે મગાવેલ હોય હાલના આરોપીને ગુન્હાના કામે આરોપી તરીકે દર્શાવેલ છે પરંતુ હાલના કામે કબ્જે લેવાયેલ મુદામાલને અરજદાર/આરોપીઓ સાથે કોઇ સબંધ નથી અને અરજદાર/આરોપીઓ ગુન્હાના કામે કોઈજ ભુમિકા રહેલ નથી. અરજદાર આરોપીઓ સુરત શહેરમાં કાયમી વસવાટ કરે છે. જેથી ક્યાં નાશી ભાગી જાય તેવી સંભાવના નથી. હાલના કામે ગુનાની હકીકતો ધ્યાને લેતા સદર ગુનો સેશન્સ ટ્રાયેબલ ગુના છે જેથી નામ.અદાલત ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા અરજદાર/આરોપીઓ તૈયાર હોય તેવી દલીલો કરેલ છે તથા તેઓને ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે તથા નામ.કોર્ટ ફરમાવશે તે શરતો મુજબ જામીન આપવા રજુઆત કરેલ છે.

(૨) અરજદાર પક્ષની દલીલોનો વિરોધ કરતા ત.ક.અ/એ.પી.પીશ્રીએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે આ કામે રજુ પેપર્સ ધ્યાને લેતા આરોપીની ગુનામાં પ્રથમ દર્શનીય સંડોવણી જણાય આવે છે તથા આરોપીઓએ ખુબ જ મોટા પ્રમાણમાં પ્રોહીના મુદ્દામાલની હેરાફેરીમાં પકડાયેલ છે તેમજ અત્રેની અદાલતે જામીન અરજી નક્કી કરતા સમયે પુરાવાના ગુણદોષમાં ઉતરવાનું હોતુ નથી તેમજ આરોપી ઉપર અગાઉ ગુના હોય જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે રજુ પેપર્સ ધ્યાને લેતા અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ – ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા BNS ની કલમ– ૧૧૧(૨)બી, ૧૧૧(૩)(૪) અન્વયેનો ગુનો નોંધવામાં આવેલ છે. આરોપીઓ વિરુધ્ધનો ગુનો ધ્યાને લેતા જે તે વખતે રૂા. ૭,૯૧,૬૫૪/– નો માતબર પ્રમાણમાં પ્રોહીનો જથ્થો મળી આવેલો તે જથ્થો હાલના આરોપીએ વેચાણ અર્થે મગાવેલ હોવાનો પોલીસનો આક્ષેપ છે. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુનામાં પ્રથમ દર્શનીય સંડોવણી જણાઈ આવે છે. ઉપરોક્ત સંજોગોમા અરજદાર/આરોપીઓને સદર ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોય જામીનમુક્ત કરવા અત્રેની અદાલતને ઉચીત જણાતુ નથી.

(૪) સદર કામમાં આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુનામાં આરોપીની પ્રથમ દર્શનીય સંડોવણી જણાઇ આવે છે તેમજ તેમના વિરુધ્ધનો આક્ષેપીત ગુનો, ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા તેમજ ગુનો પુરવાર થયેથી કરવામાં આવેલ મહત્તમ સજાની જોગવાઇ ધ્યાને લેતા તથા ખુબ જ મોટા પ્રમાણમાં મળી આવેલ ગેરકાનુની મુદામાલ અંગે આરોપીની સંડોવણી પ્રાથમીક દ્રષ્ટીએ જણાઇ આવતી હોય અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવા અત્રેની અદાલતને ઉચિત જણાતુ ન હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

ચોકબજાર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૧૦૦૧૨૬૦૯૦૪/૨૦૨૬, ધી ગુજરાત પ્રોહી એક્ટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા BNS ની કલમ- ૧૧૧(૨)બી, ૧૧૧(૩)(૪) મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપી – <u>(૧) ભરત ઉર્ફે પટ્ટી છગનભાઇ મેવાડા, (૨) વિજય અરજણભાઇ પરમાર</u> નાઓની જામીન અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૭/૦૭/૨૦૨૬**
**સુરત.**

**ઇ.ચા. ૩જા એડી. જયુડી. મેજી.ફ.ક., સુરત.**